બરાબર 29-05-2005થી શરુ થયેલી આ 'સન્ડે ઈ.મહેફીલ' નામક 'સુ–વાચનયાત્રા',

અગીયાર વર્ષ પુરાં કરી, 'બારમા' વર્ષમાં પ્રવેશે છે..

અમે, સૌ સર્જકોના, સમ્પાદનના કાર્યમાં સદાયના સહાયક સ્વજનોના અને

દેશવીદેશે પથરાયેલા સૌ ગુજરાતીના રસીયા વાચકોના ઋણી છીએ..

એક જ અફસોસ કે લેક્સિકનના પ્રણેતા રતીકાકા હવે આપણી વચ્ચે નથી..

અને બીજું, હવે 'સ.મ.' સાપ્તાહીક મટી પાક્ષીક બની છે..

'સ.મ.'ના સમ્પાદકો તરફથી સૌનો ખુબ ખુબ આભાર.. આભાર.. આભાર..

***

અને હવે માણો ઉદયન ઠક્કરની સદાબહાર ગઝલો

# ગઝલ

ઉદયન ઠક્કર

.1.

વાતેવાતે શેનું મોડું થાય છે ?
ઘાસ, તુર્ત જ દુધ થોડું થાય છે ?

મેઘની પાછળ ને પાછળ કુંજડી,
ને મને પણ દોડું-દોડું થાય છે.

થાય સીધાં કામ આ વરસાદમાં ?
જો, કીરણ પણ જળમાં ખોડું થાય છે.

શેરને તું શ્લોક માફક બોલ મા !
રેડીયમ કંઈ સુર્ય થોડું થાય છે ?

રોકતાં રોકી તો લીધી આ ગઝલ,
ફેફસાંમાં વાવાઝોડું થાય છે.

.2.

રુપ રહેવા દે મ્યાન, આપી દઉં,
ખંડણીમાં ગુમાન આપી દઉં.

ભુલથી પણ એ ભાવ પુછે તો...
આખે આખી દુકાન આપી દઉં.

મોસમે પુછ્યું, આંખ મીચકારી,
'એક ચુંબન શ્રીમાન આપી દઉં?'

પાનખર આવે તો ભલે આવે,
એને પણ માન-પાન આપી દઉં.

કાં તો ભમરાને ગાન ના આપું,
કાં તો કળીઓને કાન આપી દઉં.

બોલ્યા પંડીત પતંગીયું જોઈ,
'ક્યારે પકડું, ને જ્ઞાન આપી દઉં!'

.3.

કમળદળને ભીંજાવીને અમે પણ જોઈ લીધું છે,
કોઈને યાદ આવીને અમે પણ જોઈ લીધું છે.

તમારું મુખ કોઈ કીસ્મતની બાબત હોય એ રીતે,
હથેળીમાં છુપાવીને અમે પણ જોઈ લીધું છે.

કદી વીદ્યુતપ્રવાહોથી રમત સારી નથી હોતી,
જરા નજરો મીલાવીને અમે પણ જોઈ લીધું છે.

કોઈને ક્યારેક્યારે, કોનુંકોનું, આવે છે સપનું,
કદીક એમાં જ આવીને અમે પણ જોઈ લીધું છે.

ઉજાસો ઝળહળાવીને તમે જે માંડ જોયું, એ,
તીમીરને ટમટમાવીને અમે પણ જોઈ લીધું છે.

જીવાદોરી હવે તો રાખવી છે સાવ સીધીસટ,
કે વળ પર વળ ચડાવીને અમે પણ જોઈ લીધું છે.

કયા હોઠોએ તૈયારી કરી છે ફુંકને માટે,
એ દીવો ટમટમાવીને અમે પણ જોઈ લીધું છે.

અહીં ચારીત્ર્યની છાપેલી કીંમત દોઢ રુપીયો છે,
એ અખબારો મગાવીને અમે પણ જોઈ લીધું છે.

.4.

નાગરી નાતને પાન-સોપારી ને એલચીનાં બીડાં ચાવવા દે,
હાં રે ! નરસીંહના પદ તણી ઠેસથી ઝુલતા ઝુલણે ઝુલવા દે.

આપણે તો ભલો એક કેદાર ને આપણો તો ભલો એકતારો,
જુજવા સુરમાં, અવનવા તાલમાં, વીશ્વ બાજી રહ્યું, બાજવા દે.

આંખ મીંચીને ક્હેતાં તો મેં કહી દીધું, સૃષ્ટી સોહામણું સોણલું છે,
પાછલા પ્હોરનાં પોપચાં સુર્યના ટાંકણે-ટાંકણે ખુલવા દે.

વાદળી વાયરામાં વહેતી જતી, વેલી પણ વૃક્ષને વીંટળાતી,
ચાંચમાં ચાંચ પારેવડાં પ્રોવતાં, મોસમોનું કહ્યું માનવા દે.

.5.

પીળચટ્ટો, જ્યાં અડ્યો ભુરાને લીલો થઈ ગયો,
તાપ ને વર્ષામાં વૃક્ષોનો કબીલો થઇ ગયો.

કૈં યુગો સુધી પવન મનમાં જ મુંઝાતો રહ્યો,
પાંદડાએ બોલતાં શીખવ્યું, સુરીલો થઈ ગયો.

પૃથ્વી તો સ્હેજે ફુદરડી ફરતી, રમતી નીકળી,
ધીરે ધીરે થઈ ગઈ આદત ને ચીલો થઈ ગયો.

પાણી પ્રગટ્યું, ત્યારે ચાંદો સોળ-સત્તરનો હશે...
જોઈને દર્પણમાં, છોગાળો-છબીલો થઈ ગયો.

માટીનો ઢેખાળો હુશીયારી બહુ કરતો હતો !
પગ તળે રેલો જરા આવ્યો તો ઢીલો થઇ ગયો.

સૌ ગ્રહોને રાતદીવસ જેનું આકર્ષણ હતું,
અંતે જકડી રાખનારો એક ખીલો થઈ ગયો.

.6.

ચીસ પાડી ઉઠવાની એક વેળા હોય છે,
ત્યાં સુધી ઘડીયાળના હોઠો, બીડેલા હોય છે.

એમની ટક-ટક ભલે વેળા-કવેળા હોય છે,
હાથ ઝાલી, સાચવી ટાણું, ઉભેલા હોય છે.

ચાહ સાતે, છાપું સાડા સાત, આઠે ફોન પર,
આઠ પાંચે, અંતરે ઈશ્વર વસેલા હોય છે.

એક દીવસ એમને હળવેકથી હડસેલજો,
સંવતોનાં બારણાં તો અધખુલેલાં હોય છે.

લ્હેરી લાલો હોય તો ખીસ્સામાં રાખીને ફરે,
સૌએ કાંડાં, આમ તો, સોંપી દીધેલાં હોય છે.

.7.

ભીંજાવામાં નડતર જેવું લાગે છે,
શરીર સુધ્ધાં, બખ્તર જેવું લાગે છે.

મને કાનમાં કહ્યું પુરાણી છત્રીએ,
'ઉઘડી જઈએ : અવસર જેવું લાગે છે...'

મોસમની હીલચાલ જ છે આશાવાદી :
સોળ અચાનક સત્તર જેવું લાગે છે.

ખુલ્લા ડીલે વૃદ્ધ મકાનો ઉભાં છે,
અક્કેકું ટીપું શર જેવું લાગે છે !

## .8.

ન કુંપળ, ન કળીઓ, ન કુસુમો, ન ક્યારો,
સુગંધોને હોતો હશે કંઈ કીનારો ?

લતાકુંજમાં કેમ ગુંજે સીતારો ?
છે ભમરા? કે પાંખાળા સંગીતકારો ?

લળીને, ઢળીને ટહુકા કહે છે,
‘તમે ક્યાંથી અહીંયા? પધારો, પધારો !’

આ તોળાવું ઝાકળનું તરણાની ટોચે,
અને મારા મનમાં કોઈના વીચારો...

મને જોઈને ઘાસ હળવેથી બોલ્યું,
‘જરા આમ આવો, પગરખાં ઉતારો !’

## .9.

એકનું કે શુન્યનું કે આઠડાનું,
ઓલીયાને કામ કેવું આંકડાનું ?

આ જગાએ કેમ શીતળ થાય રસ્તો ?
રહી ગયું છે ચીહ્ન જુના છાંયડાનું ?

પાનખર વીતી છતાં ખરતાં રહે છે,
પાંદડાંને લાગી આવ્યું પાંદડાંનું.

રુપીયાને રાત-દીવસ સાચવે જે,
શું કહીશું એને? પાકીટ ચામડાનું ?

રેતી, કપચી, કાચ, ચુનો, ઈંટ, આરસ,
એક દીવસ કામ પડશે લાકડાનું.

ક્યાં કવીતા ! ક્યાં ‘મુ જેડો કચ્છી માડુ !’
કોકીલાએ ઘર વસાવ્યું કાગડાનું.

.10.

દશ્યથી ધીમા સ્વરોને, લાબું અંતર પાર કરતાં વાર તો લાગે જ ને !
આ ગઝલ વંચાઈ ગઈ; પણ આંસુઓને કાને પડતાં, વાર તો લાગે જ ને !

રીસમાં ભીનાં થઈ બીડાઈ ગયેલાં નેણ એનાં, એમ તો ક્યાંથી ખુલે ?
બોજ ઝાકળનો લઈને પાંખડીઓને ઉઘડતાં, વાર તો લાગે જ ને !

પાંખડીઓને વકાસી, સુર્યની સામે કમળ જોયા કરે છે ક્યારનું,
ફેરવી લે મોં તીમીરથી, એને અજવાળું સમજતાં, વાર તો લાગે જ ને !

ઉછળી-ઉછળીને ફોરાં, વારે વારે દઈ ટકોરા, બ્હાર બોલાવી રહ્યાં,
ડોકીયું કાઢીને કુંપળ એમ કહેતી, હસતાં હસતાં : વાર તો લાગે જ ને !

હા, એ કહેતા તો હતા કે વાડીનું રખવાળું કરવા ટાંકણે આવી જઈશ,
એક એક પતંગીયાની પાંખમાં રંગોળી પુરતાં, વાર તો લાગે જ ને !

.11.

કઈ તરકીબથી પથ્થરની કેદ તોડી છે ?
કુંપળની પાસે શું કુમળી કોઈ હથોડી છે ?

તમારે સાંજને સામે કીનારે જાવું હો,
તો વાતચીતની હલ્લેસાં-સભર હોડી છે.

સમસ્ત સૃષ્ટી રજત બન્યાનો દાવો છે,
હું નથી માનતો; આ ચંદ્ર તો ગપોડી છે !

ગઝલ કે ગીતને એ વારાફરતી પહેરે છેઃ
કવીની પાસે શું વસ્ત્રોની બે જ જોડી છે ?

ઉદયન ઠક્કર

કવી–સમ્પર્ક :

Udayan Thakker,

Laxaminivas, 3rd floor, 22-Kashibai Navrange Marg, Gamdevi, Mumbai-400 007

Phone : R-022-2380 6302/2387 5834 Mobile : 98200 32199

eMail : udayanthakker@hotmail.com

FaceBook : https://www.facebook.com/udayan.thakker.5?fref=ts

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : અગીયારમું – અંક : 349 – 29 May, 2016

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@

More than 3,22,30,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 58,25,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,40,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 2,95,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@